તા. ૨૯-૦૬-૨૦૨૫
દિવ્ય ભાસ્કર પાના નં. ૦૪

# વાડજ-જૂની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશને વધુ એક એન્ટ્રી-એક્ઝિટ ગેટ બનશે

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશને વાડજ મેટ્રો સ્ટેશન પર તેમજ ઈન્કમટેક્સ જૂની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન પર હાલના એન્ટ્રી એક્ઝિટ ગેટ ઉપરાંત વધુ એક એન્ટ્રી-એક્ઝિટ ગેટ બનાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. જૂની હાઈકોર્ટ મેટ્રો સ્ટેશન એ ઈન્ટરચેન્જ સ્ટેશન હોવાથી ત્યાં પેસેન્જરોની સૌથી વધુ અવર જવર હોય છે અને ભવિષ્યમાં પણ ત્યાં પેસેન્જરોની સંખ્યા વધશે. પેસેન્જરોની આ સંખ્યાને ધ્યાનમાં રાખી ઓલ્ડ હાઈકોર્ટ સ્ટેશન પર 6 - 6 એન્ટ્રી એક્ઝિટ ગેટ તૈયાર કરાયા છે. જેમાં તમામ જગ્યાએ પેસેન્જરો માટે સીડી ઉપરાંત લિફ્ટ અને એસ્કેલેટરની સુવિધા ઉપલબ્ધ છે. ત્યારે હવે જીએમઆરસી દ્વારા આ સ્ટેશન પર વધુ એક એન્ટ્રી એક્ઝિટ ગેટ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં રેલવે ટ્રેક નજીક નવરંગપુરા તરફ આ ગેટ બનાવવાનું આયોજન છે. જેનો ઉપયોગ આકસ્મિક સંજોગોમાં કરવામાં આવે તેવી શક્યતા છે. એજ રીતે વાડજ મેટ્રો સ્ટેશન પર લોકોની અવર જવર માટે સીડી, લિફ્ટ અને એસ્કેલેટર સાથે 4 - 4 એન્ટ્રી એક્ઝિટ ગેટ બનાવવામાં આવ્યા છે.